# આપની અપોઇન્મેન્ટ માટે વિડીયોથી હાજરી આપો

Near Me

Children and Young People Diabetes Service

**વિડીયો કોલિંગ સગવડભર્યું અને વાપરવામાં સરળછે**

આપની અપોઇન્મેન્ટ માટે મુસાફરી કરીને ક્યાંય જવાને બદલે આપ નિમ્નલિખિત કડીનો ઉપયોગ કરી ઑનલાઈન પ્રતીક્ષા સ્થળે જશો.

આ સેવા એ જોશે કે આપ આવી ગયા છો અને આ સેવા આપનાર જયારે તૈયાર હશે ત્યારે આપના ફોન થી જોડાશે.

આ માટે ખાતું ખોલવું જરૂરી નથી.

વિડીયો કોલ સુરક્ષિત છે અને આપની ગુપ્તતા રક્ષિત છે.




## હું મારી વિડીયો અપોઇન્મેન્ટ માટે કેવી રીતે હાજરી આપીશ?

**અહીંયા જાવ** https://nhsattend.vc/NHSGGCCYPDS

## વિડીયો કોલ કરવા માટે મારે શું જોઈશે?

- **વિડીયો કોલ કરવામાટે કોઈ ઉપકરણ,** જેમકે સ્માર્ટફોન, ટેબ્લેટ અથવા વેબકેમ અને સ્પીકરવાળું કમ્પ્યુટર (મોટા ભાગે લેપટોપમાં –પહેલેથી લગાવેલું) હોય છે.
- **આધારપાત્ર ઈન્ટરનેટનું કનેક્શન** (વાયરીંગ કરેલું, વાઈ-ફાઈ, અથવા મોબાઈલ ડેટા). જો આપ ઑનલાઈન વિડીયો જોઈ શકતા હો તો આપ જરૂરથી વિડીયો કોલ કરી શકશો.
- આપના પરામર્શ (કન્સલ્ટેશન) માટે પોતાની ખાનગી, **પૂરતા પ્રકાશવાળી** જગ્યા કે જ્યાં આપને ખલેલ ના પહોંચે.
- શ્રેષ્ઠ વિડીયો કોલની કાર્યક્ષમતા માટે ક્રોમ, સફારી અથવા ઍજની આધુનિક/ તાજેતરની આવૃત્તિ વાપરો.

| | | |
|---|---|---|
| **ગુગલ ક્રોમ**<br>વિન્ડોઝ, એન્ડ્રોઇડ, મેકઓએસ | **એપલ સફારી**<br>મેકઓએસ, આઈઓએસ, આઇપેડઓએસ | **માઇક્રોસોફ્ટ એજ**<br>વિન્ડોઝ |

વિડીયો કોલ કેવી રીતે કરવો તેની વધુ માહિતી માટે પૃષ્ઠ બે જુવો

## મારે શું જાણવું જોઈએ?

### આ સુરક્ષિત / ખાનગી છે?

આપની પાસે પોતાનો ખાનગી વિડીયો રૂમ છે કે જેમાં ફક્ત આ સેવા આપનાર અધિકૃત હોય તે જ પ્રવેશી શકે છે.

આપે મુકેલી કોઈપણ માહિતી રાખવામાં આવતી નથી.

ફોન કોલ રેકોર્ડ કરવામાં આવતા નથી.

### વિડીયો કોલનો ખર્ચ કેટલો થાય છે?

વિડીયો કોલ આપના ઈન્ટરનેટના વપરાશના ચાર્જ સિવાય મફત છે.

**ટીપ!** જો બની શકેતો વાઈ-ફાઈ નેટવર્ક સાથે કનેક્ટ કરો જેથી આપનો મોબાઈલ ડેટા વપરાય નહીં.

### હું કેટલો ઈન્ટરનેટ ડેટા વાપરીશ?

જયારે આપ તમારી સાથે કોઈ જોડાય તેની રાહ જોતા હો ત્યારે વિડીયો કોલ ડેટા નથી વાપરતું.

કોલનું જોડાણ થયા પછી તે સ્કાઈપ® અથવા ફેસ ટાઈમ® જેટલા જ પ્રમાણમાં ડેટાનો વપરાશ કરે છે.

## હું મારો વિડીયો કોલ કેવી રીતે કરું?

આપનું વેબબ્રાઉઝર ખોલો અને તેમાં અડ્રેસના બોક્સમાં (સર્ચ બોક્સમાં નહિ) સેવાનું (સર્વિસનું) વેબ અડ્રેસ ટાઈપ કરો.

જયારે આપ તૈયાર હો ત્યારે, **સ્ટાર્ટ વિડીયો કોલનું** બટન ક્લિક કરો.

*Start video call*

**ટીપ!** આપની અપોઇન્મેન્ટ પહેલા આપનો સેટઅપ ચેક કરવા એક ટેસ્ટ કોલ કરી જુવો.

*Test call*

તંત્ર વ્યસ્થા એ તપાસ કરશે કે તમારી પાસે બધું જ તેના યોગ્ય સ્થાન પર છે (ઇન્ટરનેટ, સ્પીકર, માઈક્રોફોન અને વિડીયો)

જો તમને પૂછવામાં આવે તો તમારા બ્રાઉઝરને તમારા કેમેરા અને માઇક્રોફોને એક્સેસ (જોડાણ) કરવા દેજો.

આપની વિગતો મુકો, નિયમો અને શરતો સાથે સહમત થવાના ખાનામાં ક્લિક કરો અને આપનો કોલ ચાલુ કરો.



કોલ પૂર્ણ કરવા, ઍન્ડ બટન પર ક્લિક કરો.

**ટીપ! રીફ્રેશ** બટન ક્લિક કરીને ઘણી સમસ્યાઓ સમસ્યાઓ હાલ થઇ શકશે

End Refresh

## જો કશુંક ના ચાલતું હોય તો મારે શું કરવું?

જુઓ https://nhs.attendanywhere.com/troubleshooting

### વધુ માહિતી

If having a problem when calling:
phone - 0141 201 0331
email - childrenwithdiabetes@ggc.scot.nhs.uk

Powered by attendanywhere®

**આપની સેવાના વેબ એડ્રેસ માટે પૃષ્ઠ એક જુવો**